# વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી

બ્લોક-૬/૨,ડૉ .જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.૩૮૨૦૧૦ફોન-૦૭૯-૨૩૨૫૧૩૬૧,

ક્રમાંક:/નેશનલ પરમીટ/ફેસલેસ/૨૦૨૦/ઓન 7935 તા. 16 OCT 2020

પ્રતિ,
આરટીઓ/એઆરટીઓશ્રી,
તમામ

વિષય:- નેશનલ પરમીટ રીન્યુઅલ ની પ્રકીયા ફેસલેસ કરવા બાબત

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્યમાં ઇઝ ઓફ ડુઇંગ બીઝનેસને પ્રોત્સાહન આપવાના હેતુસર ટ્રાંસપોર્ટ ગુડઝ વાહનોના કિસ્સામાં ફેશ નેશનલ પરમીટ, રીન્યુઅલ ઓફ નેશનલ પરમીટ તથા રીન્યુઅલ ઓફ નેશનલ પરમીટ ઓથોરાઇઝેશન ની પ્રકીયા ફેસલેસ કરવા અર્થે વાહન ૪.૦ માં જરૂરી સુધારા કરી એન.આઈ.સીનાં પરામર્શમાં આખરી કરવામાં આવેલ છે.

ઉપરોક્ત વર્ણવેલ ત્રણેય સેવાઓ વાહન ૪.૦ લોગ ઇન માં ફેસલેસ કાઉંટર પર ઉપલબ્ધ થશે.સદર સેવાઓના પ્રોસેસ ફ્લો આ સાથે સામેલ છે. જે મુજબ અરજદારે જરૂરી આધાર પુરાવા સાથે parivahan.gov.in પર પરમિટ સંબંધી અરજી કરી ઓનલાઈન ફી અને જરૂરી દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. ત્યારબાદ આર.ટી.ઓ કક્ષાએ વેરીફીકેશન થશે. વેરિફિકેશન થયા બાદ અરજદારે નેશનલ પરમિટ પોર્ટલ પર ઓથોરાઈઝેશ રીન્યુઅલ ફી ભરવાની રહેશે. ત્યારબાદ આર.ટી.ઓ કક્ષાએથી અરજીનું ફાઈનલ એપ્રુવલ આપવામાં આવશે. ફાઈનલ એપ્રુવલ થયા બાદ વાહન માલિક ઓનલાઈન parivahan.gov.in પરથી પરમિટ/ઓથોરાઈઝેશનની પ્રિન્ટ કાઢી શકશે. કોઈપણ અરજદારને આર.ટી.ઓ કક્ષાએથી પરમિટની હાર્ડકોપી ઈસ્યુ કરવાની રહેશે નહિ. વધુમાં એન.આઈ.સી દ્વારા અત્રેની કચેરીને જણાવવામાં આવેલ કે અગાઉ નેશનલ પરમિટ/ઓથોરાઈઝેશન રીન્યુ કરવામાં NP-Authorization ના બદલે miscellaneous

હેડમાં રસીદ ઈસ્યુ કરેલ નેશનલ પરમિટ પોર્ટલ પર રીન્યુ કરેલ ઓથોરાઈઝેશનની વિગતો વાહન ૪.૦ માં અપડેટ થઈ શકેલ નહિ જેથી આવી રસીદોને સંબંધિત આર.ટી.ઓ /એ.આર.ટીઓ દ્વારા વેલીડેટ કરાવેલ. આવા કિસ્સામાં આર.ટી.ઓ/એ.આર.ટી.ઓ એડમીન દ્વારા Modify-Permit Home Auth-Admin રોલ એક્શન થકી નેશનલ પરમિટ પોર્ટલ પરની અદ્યતન ઓથોરાઈઝેશનની વેલીડીટીને વાહન ૪.૦ માં અપડેટ કરવાની રહેશે. ત્યારબાદ અરજદાર દ્વારા રીન્યુ પરમિટ ઓથોરાઈઝેશનની અરજી કરવાની રેહશે. અરજદાર દ્વારા કરવામાં આવેલ અરજીઓનાં વેરિફિકેશન સમયે સદર વાહનની નેશનલ પરમિટ પોર્ટલ પરની ઓથોરાઈઝેશનની અદ્યતન વેલીડીટી વાહન ૪.૦માં અપડેટ થયેલ છે કે કેમ તે ચકાસ્યા બાદ જ વેરીફાય કરવાનું રહેશે. પરમીટ વેરીફાઈની કામગીરી જુનિયર ક્લાર્ક/ સિનિયર ક્લાર્ક/ હેડ કલાર્ક કક્ષાએથી તેમજ એપ્રુવલની કામગીરી એઆઈએમવી/આઈએમવી/એઆરટીઓ કક્ષાએથી કરવાની રહેશે.

આથી તમામ આરટીઓ/એઆરટીઓ કચેરીઓએ દૈનિક ધોરણે ફેસલેસ કાઉન્ટર પરથી અરજીઓની ચકાસણી કરી સમયસર વિના વિલંબે આર.ટી.ઓ કક્ષાએથી વેરીફાય-એપ્રુવલ કરવા જણાવવામાં આવે છે

અખિલ ગુજરાત ટ્રક ટ્રા એસોસિયેશન, અમદાવાદ
AGTTA
DATE : 16-10-2020
FILE NO. : 19

ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

બીડાણ: પ્રોસેસ ફલો

**નકલ સવિનય રવાના:-**

(૧) અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી, વાહન વ્યવહાર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગરને જાણ સારૂ.

(૨) અંગત સચિવશ્રી, માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, વાહન વ્યવહાર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગરને જાણ સારૂ.

P.T.O

(૩) અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી- બંદરો અને વાહન વ્યવહાર વિભાગ નુ કાર્યાલય, બ્લોક ન-૨, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર ને જાણ સારૂ.

**નકલ રવાના:**

પ્રમુખશ્રી અખિલ ગુજરાત ટ્રાન્સપોર્ટ એસોસીએશન , ૭૫ શહજાનંદ શોપીગ સેન્ટર, શાહીબાગ, અમદાવાદને જાણ સારૂ.

C1681
902

## Process flow for Online New/renewal of National permit/Authorization

↓

Go To Parivahan.gov.in

↓

Vehicle related service

↓

Other state

↓

Other Online services-Online permit

↓

Select Gujarat state & proceed

↓

Enter Vehicle No, last 5 digit Chassi No., Mobile No. & Generate OTP

↓

Select Apply for New Permit/Renewal of NP/AITP Authorization Permit

↓

Enter Details (by Applicant)

↓

Verify Details (by Applicant)

↓

Click On pay now

↓

Upload Documents

↓

Make payment & print fee receipt

↓

Verify Application by RTO (in faceless counter) ⇨ Verification process will be conducted by respective RTO/ARTO & After completion of verification application will be intimated by SMS

↓

Make payment of 16500/- on National permit portal

↓

Approve By RTO (in faceless counter) ⇨ Approval process will be conducted by respective RTO/ARTO & After completion of Approval will be intimated by SMS & applicant can print print & Authorization from parivahan.gov.in

↓

Print permit/Authorization